# મોદી સરકાર વધુ કડવી દવા આપવાના મૂડમાં

## એલપીજીમાં પાંચ, કેરોસીનમાં એક રૂપિયાનો ટૂંકમાં વધારો થશે



નવી દિલ્હી, તા.૨૪

તીવ્ર મોંઘવારી વચ્ચે નરેન્દ્ર મોદી સરકાર એકપછી એક કડવી દવા આપવાના મૂડમાં દેખાઈ રહી છે. રેલવે યાત્રી ભાડામાં અને નુરના દરમાં કમરતોડ વધારો કરવામાં આવ્યા બાદ લોકોની નારાજગી હાલ જારી છે ત્યારે સરકાર હવે એલપીજી અને કેરોસીનની કિંમતમાં પણ નાના ડોઝમાં વધારો કરવાના મૂડમાં દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એલપીજી સિલીન્ડરની કિંમતમાં પ્રતિ સિલીન્ડર પાંચ રૂપિયાનો વધારો કરવાની હિલચાલ ચાલી રહી છે. સાથે-સાથે કેરોસીનમાં લિટર દિઠ ૫૦ પૈસાથી એક રૂપિયાનો વધારો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં ઈરાક કટોકટી વચ્ચે તીવ્ર વધારો થયા બાદ આ વધારો ઝિંકવાની તૈયારીમાં છે. ક્રૂડ ઓઈલની કિંમત બેરલ દિઠ ૧૧૫ ડોલર સુધી પહોંચી ગઈ છે. ભારત તેની ઓઈલ અને સબ્સિડી ફ્યુઅલની ૭૯ ટકાની આયાત કરે છે ત્યારે ખૂબ જ ઉંચી તેલ કિંમતો એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર માટે ખતરનાક છે. વર્તમાન પખવાડિયા માટે ડિઝલ ઉપર અન્ડર રિકવરી લિટર દિઠ ૧.૬૨ રૂપિયા છે. જ્યારે કેરોસીન અને એલપીજી ઉપર અન્ડર રિકવરી ક્રમશઃ લિટર દિઠ ૩૨.૮૭ અને સિલિન્ડર દિઠ ૪૩૨.૭૧ રૂપિયા છે. ઓઈલની કિંમતમાં તીવ્ર વધારો કરાયા બાદ હાલત કફોડી બનેલી છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય સતત વધી રહી છે. બે ફ્યુઅલ ઉપર ૮૦ હજાર કરોડની સબ્સિડીને દૂર કરવા દર મહિને એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવામાં આવનાર છે. જાન્યુઆરી ૨૦૧૩માં યુપીએ સરકારે ડિઝલની કિંમતમાં દર મહિને લીટર દિઠ ૫૦ પૈસાનો વધારો કર્યો હતો. ડિઝલ મોડલ બાદ ઓઈલ મંત્રાલય હવે એલપીજી અને કેરોસીનના રેટમાં પણ દર મહિને વધારો કરવા ઈચ્છુક છે.

## મોદી સરકારના પ્રથમ બજેટમાં મહિલાઓ માટે અનેક રાહતો જાહેર થાય તેવી શક્યતા

**મહિલાઓને ૩.૨૫ થી ૩.૫૦ લાખ સુધી રાહત આપવા તૈયારી પુરુષોની મુક્તિ મર્યાદા ૩ લાખ કરાય તેવી વકી**

નવી દિલ્હી,તા. ૨૪

મોદી સરકારના પ્રથમ સામાન્ય બજેટમાં મહિલાઓને મોટી રાહતો મળી શકે છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી વર્ષ ૨૦૧૪-૧૫ના સામાન્ય બજેટમાં નોકરી કરતી મહિલાઓને મોટી રાહત આપી શકે છે. સુત્રોની વાત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો મોદી સરકાર મહિલાઓને આવકવેરામાં મળતી રાહતને વધારવાનો નિર્ણય કરી શકે છે. આ સુવિધા હેઠળ મહિલાઓને પહેલાની જેમ જ પુરુષોની સરખામણીમાં વધારે આવકવેરા મુક્તિ મળવાની વ્યવસ્થા અમલી બની શકે છે. પહેલા મહિલાઓને વધારે આવકવેરા મુક્તિ આપવામાં આવતી હતી પરંતુ વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં પુરુષો અને મહિલાઓ માટે બે-બે લાખ રૂપિયાની કમાણી સુધી આવકવેરાની મુક્તિની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. નોકરી કરતી મહિલાઓને ખાસ રાહત આપવા યોજના ચાલી રહી છે. પુરુષોની સરખામણીમાં તેમની લઘુત્તમ આવકવેરા મર્યાદા ૩.૨૫ લાખથી ૩.૫૦ લાખ રૂપિયા સુધી કરવામાં આવે તેવી શક્યતા છે. પુરુષો માટે લઘુત્તમ આવકવેરા મુક્તિ મર્યાદાને વધારીને ત્રણ લાખ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બજેટમાં અન્ય શ્રેણીબદ્ધ રાહતો આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવકવેરા ઉપરાંત અન્ય કેટલાક મહત્વપૂર્ણ બિલ અંગે પણ જાહેરાત કરાશે. સાથે-સાથે જુદા-જુદા ક્ષેત્રોને કરવામાં આવતી ફાળવણીમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. એકબાજુ સંરક્ષણ અંગેના બજેટમાં જંગી વધારો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણકે, નાણાંની સાથે-સાથે સંરક્ષણની જવાબદારી સંભાળી રહેલા અરૂણ જેટલીએ તાજેતરના ટોચના સંરક્ષણ અધિકારીઓ સાથે બેઠકોનો દોર જારી રાખ્યો છે. જેનાથી સંરક્ષણ ક્ષેત્રે જરૂરીયાત અંગે માહિતી મળી શકી છે. વર્તમાન સ્થિતિમાં વિશ્વના દેશો સુરક્ષા વ્યવસ્થા ઉપર ખાસ ધ્યાન આપી રહ્યા છે ત્યારે ભારત પણ આ ક્ષેત્રમાં પાછળ રહેવા ઈચ્છતું નથી.

## ૨૦ હજાર કરોડના માર્ગ પ્રોજેક્ટોને બહાલી મળી

**માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી દ્વારા મંત્રાલયના વરિષ્ઠ અધિકારી સાથે બેઠક યોજ્યા બાદ મંજુરી આપી**

નવી દિલ્હી, તા. ૨૪

માર્ગ પરિવહન અને રાજમાર્ગ માટેના પ્રધાન નીતિન ગડકરીએ ૨૦ હજાર કરોડના રોડ પ્રોજેક્ટોને લીલીઝંડી આપી દીધી છે. પર્યાવરણની મંજુરી, જમીન અધિગ્રહણ અને અન્ય નાણાકીય સમસ્યાઓના કારણે લાંબા સમયથી આ પ્રોજેક્ટો અટવાયેલા હતા. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને રાજ્યના અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ ગડકરીએ દેશભરમાં નેશનલ હાઈવેની રાજ્ય વાઈઝ સમીક્ષા કરી હતી. ૨૦ હજાર કરોડના પ્રોજેક્ટો પૈકી જમ્મુ-કાશ્મીર રાજ્યમાં મોટાભાગના પ્રોજેક્ટો આવેલા છે. મંત્રાલય દ્વારા ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરપૂર્વમાં નેશનલ હાઈવે સ્થાપિત કરવાની યોજના પણ તૈયાર કરી લેવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે, પ્રધાને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના પર્ફોમન્સ ઓડિટ માટે સૂચના આપી છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દેશભરમાં માર્ગોના નિર્માણ અને જાળવણી માટેની જવાબદારી સંભાળે છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ નવી સરકાર અટવાઈ પડેલા પ્રોજેક્ટોને અતિઝડપથી મંજુરી આપવાની દિશામાં આગળ વધી રહી છે.

## ભાજપ પ્રમુખ તરીકે અમિત શાહની વરણી નિશ્ચિત

નવી દિલ્હી,તા. ૨૪

ભાજપના નવા પ્રમુખ તરીકે કોની વરણી કરાશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત હજુ આવ્યો નથી પરંતુ હવે એમ માનવામાં આવે છે કે લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ભાજપને રેકોર્ડ સફળતા અપાવાનાર અમિત શાહની ભાજપના પ્રમુખ તરીકે તાજપોશી નિશ્ચિત ગઈ ગઈ છે. માત્ર ઔપચારિકતા બાકી રહી છે. કોઈ પણ સમય ભાજપના નવા પ્રમુખની જાહેરાત હવે કરવામાં આવનાર છે. આગામી ભાજપ પ્રમુખની જાહેરાત હવે ટુંક સમયમાં કરવામાંઆવનાર છે. અન્ય કોઈ પણ દાવેદાર કરતા અમિત શાહ વધારે અસરકારક પસંદગી દેખાઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજીક પણ અમિત શાહ રહ્યા છે. હજુ સુધી સ્પર્ધા અન્યો પણ હતા. જગત પ્રકાશ નડ્ડાને પણ દાવેદાર તરીકે ગણવામાં આવી રહ્યા હતા. નડ્ડાએ પણ લોકસભાની ચૂંટણીમાં પાર્ટીમાં સંકલન



જાળવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સંસદના છેલ્લા સેસનમાં રાજ્યસભામાં પોતાના ભાષણથી નડ્ડાએ તમામને પ્રભાવિત કર્યા હતા. નડ્ડા પણ નરેન્દ્ર મોદી અને અન્ય સિનિયર નેતાઓનો આત્મવિશ્વાસ ધરાવે છે. સંઘના કેટલાક લોકો પણ નડ્ડાને ટેકો આપી રહ્યા હતા. જો કે અમિત શાહ સૌથી અસરકારક રહે તેવી શક્યતા તમામ લોકો વ્યક્ત કરી ચુક્યા છે. અમિત શાહે હાલમાં લોકસભાની ચૂંટણીમાં ઈતિહાસ સર્જીને ભાજપને રેકોર્ડ સફળતા અપાવી હતી.

**સુરજ બડજાતિયાની ફિલ્મમાં સ્ટાર સોનમ કપુર ચમકશે**

## સલમાનની સાથે કામ કરવા માટે સોનમ કપુરને ૮ કિલો વજન ઉતારવા માટે સુચન

મુંબઈ,તા. ૨૪

સોનમ કપુરની કેરિયર હવે ધીમે ધીમે ગતિ પકડી રહી છે. ભાગ મિલખા ભાગ અને રાંઝનાની સફળતા બાદ સોનમ કપુરને હવે સારી ફિલ્મો હાથ લાગી રહી છે. હવે સલમાન ખાનની સાથે સોનમ કપુરને તેની કેરિયરની સૌથી મોટી ફિલ્મ હાથ લાગી હોવાના અહેવાલ મળ્યા છે. આ ફિલ્મ અન્ય કોઈની નહી બલકે સૌથી મોટા નિર્માતા સુરજ બડજાતિયાની ફિલ્મ છે. જેમાં સલામાન ખાન મુખ્ય રોલ કરનાર છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે



સલમાનની સાથે કામ કરવા માટે સોનમ કપુરને આઠ કિલો વજન ઉતારી દેવા કહેવામાં આવ્યું છે. બડજાતિયા પ્રેમ રતન ધન પાયો નામની ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મનુ શુટિંગ જુલાઈ મહિનામાં શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થશે તેની ગેરંટી છે. કારણ કે સુરજ બજાડાતિયાની ફિલ્મો મોટા ભાગે સંપૂર્ણ પરિવારને આવરી લેતી ફિલ્મો હોય છે. સોનમ કપુર હાલમાં જીમમાં નજરે પડી રહી છે. સોનમ કપુરને તાલીમ આપી રહેલા લોકનુ કહેવુ છે કે સ્વીમિંગની તાલીમ પણ આપવામાં આવી રહી છે. સોનમ કપુર પ્રથમ વખત મોટી ફિલ્મમાં કામ કરી રહી છે. સોનમ પાસે હાલમાં અનેક ફિલ્મો છે પરંતુ આ ફિલ્મ તેની કેરિયરમાં નવો વળાંક લાવી શકે છે. કારણ કે બોલિવુડના સૌથી લોકપ્રિય સ્ટારની સાથે તે કામ કરવા જઈ રહી છે. સલમાનની સાથે તેની પસંદગી થવી પણ મોટી બાબત છે.

કારણ કે અન્ય ટોચની અભિનેત્રીઓ આ ફિલ્મ મેળવવા પ્રયત્નશીલ હતી. દિપિકાની પણ ગણતરી હતી. જો કે સોનમ કપુરે બાજી મારી છે. સોનમ કપુર આગાઉ તેની કેરિયરની પ્રથમ ફિલ્મમાં સલમાનની સાથે નજરે પડી હતી. સાંવરિયા મારફતે સોનમ કપુરે તેની કેરિયર શરૂ કરી હતી. જેમાં સલમાન પણ હતો. જો કે આ ફિલ્મમાં અભિનેતા તરીકે રણબીર કપુર હતો. રણબીર અને સોનમે એક સાથે તેમની કેરિયર શરૂ કરી હતી આ બન્ને આજે વ્યસ્ત કલાકારો છે.

## ઈરાક કટોકટી : ભારતીયોના બદલે ખંડણીની માંગણી થઈ

**બાનમાં પકડી લેવાયેલા ભારતીયો સુરક્ષિત હોવાનો દાવો બંધકોને મુક્ત કરાવવા કોની મદદ લેવાઇ તે અંગે સસ્પેન્સ**

નવી દિલ્હી,તા. ૨૪

હિંસાગ્રસ્ત ઈરાકમાં છેલ્લા ચાર દિવસથી બાનમાં પકડી રાખવામાં આવેલા ૩૯ ભારતીયોને મુક્ત કરાવવા ભારત સરકારે તમામ પ્રયાસો કર્યા હોવા છતાં હજુ કોઈ સફળતા મળી નથી. તેમના ભાવિને લઈને ચિંતાનુ મોજુ ફેલાયેલુ છે.એવા સંકેત મળી રહ્યા છે કે બાનમાં પકડી લેવામાં આવેલા ભારતીય લોકોને મુક્ત કરવા માટે ત્રાસવાદીઓ દ્વારા જંગી રકમની માંગ કરવામાં આવી રહી છે. જો કે આ સંબંધમાં વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યું છે કે ભારતીય સુરક્ષિત છે. તેમને માત્ર કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. તેમને બાનમાં પકડી લેવામાં આવ્યા નથી. પ્રવકતાએ એવા અહેવાલને રદિયો આપ્યો છે કે ભારતીયોનો ઈરાકી સુન્ની જુથ માનવ છત્ર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. ભારતીય લોકોને છોડાવવા માટે કોની મદદ લેવામાં આવી રહી છે તે અંગે સરકાર કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. ઈરાકમાં જ્યા હિંસા ચાલી રહી છે ત્યાં માત્ર ૧૨૦ ભારતીય લોકો ફસાયા છે. તેમને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રાજકીય સુત્રોએ કહ્યું છે સુન્ની સંગઠનની સાથે ભારતીય લોકોને મુક્ત કરવા માટે વાતચીત ગુપ્ત રીતે આગળ વધી રહી છે. નક્કર પ્રગતિ થયા બાદ સરકાર નિવેદન જારી કરશે. રાજકીય સુત્રો એવી શક્યતાને નકારી રહ્યા નથી કે બાનમાં પકડી લેવામાં આવેલા ભારતીય લોકોના બદલે જંગી ખંડણી અથવા તો રકમની માંગ કરવામાં આવી રહી છે. પ્રવકતાએ ખાતરી આપતા કહ્યું છે કે ઈરાકમાં રહેતા દસ હજારથી વધારે ભારતીય લોકોની સુરક્ષાને લઈને ખતરો નથી. જો કોઈ ભારતીય પરત આવવા માંગે છે તો તેમની કંપની સાથે સરકાર વાતચીત કરશે. હકીકતમાં ઈરાકના દક્ષિણમાં નજફ વિસ્તારમાં સૌથી વધારે ભારતીય લોકો રહે છે. આ વિસ્તારમાં હાલમાં શાંતિ છે.ભારત સરકાર તમામ લોકોના પરિવાર સાથે સંપર્કમાં છે.

## સમાચાર ઝલક

- માદક દ્રવ્યોની હેરફેરમાં મુંબઈ મોખરે.
- મલેશિયામાં અલ્લાહ ફક્ત મુસલમાનોને છે - મલેશિયાની સુપ્રિમ કોર્ટ.
- પ્રાણીઓ અને પશુઓની જાળવણી કરતી પેટા સંસ્થાના લાભાર્થે પામેલા એન્ડરસન ફરી એક વખત ન્યૂડ થશે.
- ડીપ્લોમા એન્જીનીયરીંગમાં ૬૬૦૦૦ બેઠકો સામે ૫૮૨૯૦ની નોંધણી થઈ. ૧૩૦૦૦ બેઠકો ખાલી રહેશે.
- ઈરાકમાં ઉગ્રવાદીઓનો વ્યૂહાત્મક કબજો. અમેરિકન વિદેશમંત્રી બગદાદમાં.
- જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી વરસાદના કોઈ વાવડ નથી. દુષ્કાળના સંકટનો ભય.
- વયોવૃદ્ધ શ્રી રતન તાતાને યોર્ક યુનિવર્સિટી તરફથી ડોકટરેટની પદવી એનાયત કરાઈ.
- જયપુરમાં એક જ પરિવારમાં ૩૨ ડોકટરો છે. વધારો થતો રહે છે.
- શિવસેનાના નિવાસસ્થાન માતોશ્રીમાં મચ્છરો હોવાથી મુંબઈ મહાનગરપાલિકાએ નોટીસ ફટકારી.
- ૫૩ નવા સસંદ સભ્યો સામે ક્રીમીનલ કેસથી અપાત્ર ઠરે તેવા સંજોગો.
- ફેસબુક પર પહેલાં ચેટીંગ. બાદમાં ચીટીંગ કરી પૈસા પડાવતી યુવતીઓ. પડધરીનો યુવાન ફસાયો.
- સંસદ સભ્યોની ગ્રાન્ટનો હિસાબ વડાપ્રધાનની બાજ નજર નીચે રહેશે.
- ગુજરાતના ૨૦ જિલ્લાઓમાં પાણીની ભારે અછત. લોકો પરેશાન.
- પાટડીના મામલતદાર રૂ. ૧ લાખની લાંચ લેતાં ઝડપાયા.
- શ્રી મુકેશ અંબાણી ફુટબોલ લીગ બનાવશે. આઈ.પી.એલ.ની માફક વિશ્વના ફુટબોલ ખેલાડી મેચ રમવા આવશે.
- ટી.વી. એન્કર તનુ શર્માનો આત્મહત્યા કરવાનો પ્રયાસ.
- વડોદરા યુનિવર્સિટીની વિદ્યાર્થીની પર તેના મિત્રોએ દુષ્કર્મ આચર્યું. પોલીસ ફરિયાદમાં ધરપકડ કરાઈ.
- રાજયના સનદી અધિકારીઓના બદલી-બઢતીના ચાલુ સપ્તાહમાં આદેશો થશે.
- કલકત્તાની મેટ્રોની સુરંગમાં ૨૦૦ મુસાફરો ફસાયા.
- વાપી-શામળાજી હાઈવે પર અકસ્માતોની વણજાર.
- કામવાળી બાઈઓ પણ ફેસબુક, વોટસ એપ જેવા સોશ્યલ મિડિયાથી કનેકટેડ છે.
- પાલીતાણાને હિંસા મુકત કરવા જૈન સાધુ-સાધ્વી ભગવંતોનો લલકાર.
- તાજેતરમાં થયેલા અભ્યાસનું તારણ. શરાબ તમાકુ કરતાં પણ વધુ જીવલેણ છે.

## નિયમિત પેનકીલર્સ દવાથી સાંભળવાની શક્તિને અસર

નવી દિલ્હી,તા. ૨૪


શરીરમાં જુદા જુદા પ્રકારની પીડાને દૂર કરવા માટે લોકો અને ખાસ કરીને મહિલાઓ આડેધડ જુદા જુદા પ્રકારની દવાઓ લે છે. આનાથી નુકસાન વધારે થાય છે. જે મહિલાઓ પેરાસિટેમોલ અથવા તો બુપ્રોફેન નામની દવાઓ લઈને પીડા દૂર કરવાનો પ્રયાસ કરે છે તે મહિલાઓને સાવધાન થઈ જવાની જરૂર છે. અમેરિકન જર્નલ ઓફ ઈપીડેમીલોજીમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નિયમિત રીતે પેરાસિટેમોલ અથવા બુપ્રોફેન લેતી મહિલાઓમાં સાંભળવાની શક્તિ દિનપ્રતિદિન ઘટી જાય છે. સાથે સાથે આ દવાઓના નિયમિત પણે ઉપયોગમાં વધારો થતાં ખતરો પણ વધતો જાય છે. ૫૦ વર્ષની વયની મહિલાઓ કરતા નાની વયની મહિલાઓમાં ખતરો વધારે રહે છે. અગાઉના સંશોધનમાં પણ દાવો કરવામાં આવી ચૂક્યો છે કે પેનકીલરનો આડેધડ ઉપયોગ પુરુષોમાં સાંભળવાની શક્તિના વધતા ખતરા સાથે સંબંધિત છે. સંશોધકોએ અભ્યાસના તારણ ઉપર પહોંચવા સાંભળવાની શક્તિ ઘટવા અને એસ્પીરીન, બુપ્રોફેન અને અન્ય આ પ્રકારની દવાઓના ઉપયોગ વચ્ચે સીધા સંબંધમાં ધ્યાન આપ્યું હતું. ૬૨૨૬૧ મહિલાઓને અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવી હતી. આ તમામ મહિલાઓ ૩૧થી ૪૮ વર્ષની વયની હતી. ૧૪ વર્ષ સુધી તેમના ઉપર નજર રાખ્યા બાદ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે ૧૦,૦૧૨ મહિલાઓ સાંભળવાની શક્તિ ગુમાવી ચૂક્યા છે. એક સપ્તાહમાં બે અથવા ત્રણ દિવસ સુધી દવાઓ લેનાર મહિલાઓમાં સાંભળવાની શક્તિમાં ખતરો ૧૧ ટકા અને ૧૩ ટકા વધી ગયો હતો. જ્યારે એક સપ્તાહમાં ચારથી પાંચ દિવસ સુધી પેનકીલર લેનાર મહિલાઓમાં ખતરો ૨૧ ટકા વધી ગયો હતો. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું કે કેટલીક દવાઓનો સંબંધ સાંભળવાની શક્તિ સાથે નથી.

**૨૭મીએ એન્ટી-રેડ ઓપરેશન પર ચર્ચા**

## નક્સલીગ્રસ્ત ૧૦ રાજ્યો સાથે રાજનાથની ટૂંકમાં મિટિંગ થશે

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય ગૃહ પ્રધાને દેશમાં નક્સલવાદી હિંસાને રોકવા માટે નવી વ્યુહરચના તૈયાર કરવાની યોજના બનાવી લીધી છે. ૨૭મી જુનના દિવસે તમામ ૧૦ નક્સલવાદીગ્રસ્ત રાજ્યોના પોલીસ વડા અને ચીફ સેક્રેટરીની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં એન્ટી રેડ ઓપરેશન પર ચર્ચા કરવામાં આવનાર છે.આ બેઠકમાં કેન્દ્રિય દળના વડા પણ હાજરી આપશે. દેશમાં નક્સલવાદી હિંસાને રોકવા માટે સરકાર ગંભીરતાપૂર્વક આગળ વધવા માંગે છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન તરીકેની જવાબદારી સ્વીકારી લીધા બાદ તેમની આ પ્રથમ બેઠક રહેશે. નક્સલવાદી હિંસાને રોકવા માટે જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. માઓવાદી હિસા અને વર્ષ ૨૦૧૪માં સુરક્ષા દળના દેખાવના પ્રશ્ને આ બેઠકમાં ખાસ ચર્ચા કરવામાં આવનાર છે. નક્સલવાદ સામે લડનાર રાજ્યના સુરક્ષાદળો અને કેન્દ્રીય સુરક્ષા દળો વચ્ચે સંકલનના મુદ્દે, હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કનેક્ટિવીટીને સુધારવા ટેલીકોમ ટાવર



સ્થાપિત કરવા અને નક્સલવાદગ્રસ્ત વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવશે. બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને તેલંગાણામાંથી વરિષ્ઠ અધિકારીઓને ગૃહ મંત્રાલય દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ઈન્ટેલીજન્સ બ્યુરો, સીઆરપીએફ દ્વારા રજુઆતો પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૪માં સુરક્ષાદળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન અને તેમાં સફળતા અંગે બેઠકમાં માહિતી આપવામાં આવશે. ઓરિસ્સાના ડીજીપી, માઓવાદી સામે લડવા કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંકલનના મુદ્દે માહિતી આપશે. અઆ બેઠક એવા સમયે યોજાઈ રહી છે જયારે દેશમાં નક્સલવાદ વિરોધી ઓપરેશન બંધ કરી દેવામાં આવ્યું છે. નક્સલવાદીઓને ફરી સંગઠીત થવા તક મળી ગઈ છે. નક્સલવાદ સામે લડી રહેલા મોટી સંખ્યામાં સુરક્ષાદળોને પણ રજા આપવામાં આવી હતી. દરમિયાન ઈન્ટેલીજન્સ બ્યુરોએ ચેતવણી આપતા કહ્યું છે કે, ચુંટણીની અસરના કારણે અસર પામેલા માઓવાદીઓ ફરી સક્રિય થઈ રહ્યા છે અને તેની યોજના તૈયાર કરી રહ્યા છે.

## અમેરિકી ડોલર વિરુદ્ધ રૂપિયામાં રિકવરી થઈ

નવી દિલ્હી,તા. ૨૪

છેલ્લા બે દિવસથી ડોલર સામે રૂપિયામાં પડતીનો દોર રહ્યા બાદ આજે રૂપિયામાં અમેરિકી ડોલર સામે રિકવરીની સ્થિતિ રહી હતી. કારોબારના અંતે રૂપિયો સાત પૈસા રિકવર થઈને ૬૦.૧૩ની સપાટીએ રહ્યો હતો. સ્થાનિક શેર બજારમાં જોરદાર તેજી સાથે-સાથે વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતમાં આંશિક સુધારો થયા બાદ રૂપિયામાં સુધાર થયો હતો. નિકાસકારો દ્વારા ડોલરનું નવેસરથી વેચાણથી ફાયદો થયો હતો. કારોબારના અંતે રૂપિયો ૬૦.૧૩ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે રૂપિયો ૬૦.૨૦ના સ્તરે રહ્યો હતો. શેરબજારમાં પણ આજે છેલ્લા ચાર સેશનથી ચાલી રહેલી મંદી ઉપર બ્રેક મુકાઈ હતી અને સેન્સેક્સમાં ૩૩૮ પોઈન્ટનો સુધારો થયો હતો. એફઆઈઆઈ દ્વારા ૨૧૪.૪૯ કરોડની કિંમતના શેર પાછા ખેંચી લીધા છે. ડોલર સામે રૂપિયામાં રિકવરી થવા માટે અન્ય કારણો પણ જવાબદાર રહ્યા હતા.